

"આત્મનિર્ભર ભારત આજે 130 કરોડ ભારતીયો માટે મંત્ર બની ચૂક્યો છે"

**નરેન્દ્ર મોદી**
વડા પ્રધાન

सत्यमेव जयते
ભારત સરકાર

सत्यमेव जयते
ભારત સરકાર



# વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની ઉપલબ્ધિઓ

ડિસેમ્બર 2020

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની ઉપલબ્ધિઓ



# કોવિડ–19 દરમિયાન નિકાસકારો અને એમએસએમઈ માટે રાહત



**વિદેશ વેપાર નીતિને** 31 માર્ચ, 2021 સુધી લંબાવવામાં આવી

**એડવાન્સ ઑથોરાઈઝેન્સની** વૈધતા 6 મહિના માટે વધારવામાં આવી





ઑનલાઈન **એક્સપોર્ટ લાઈસન્સ અરજી** કરવાની પ્રક્રિયામાં સુધારો કરવામાં આવ્યો

કિંમત બાબતે સંવેદનશીલ વસ્તુઓ જેવી કે કાંદા, કાજુ અને પામ ઑઈલની આયાત અને નિકાસનાનિયમન માટે સમયોચિત ઉપાયો

**કોવિડ-19 હેલ્પડેસ્ક**

**એક્સપોર્ટ ઑબ્લિગેશન પીરિયડ** 6 મહિના માટે વધારવામાં આવ્યો

**3 લાખ કરોડ** રૂપિયાની જોગવાઈ ધરાવતીઈમર્જન્સી ક્રેડિટ લાઈન ગૅરંટી સ્કીમ (ઈસીએલજીએસ), એમએસએમઈ માટે 100% ક્રેડિટ ગૅરંટી અને કોલેટ્રલ ફ્રી ઑટોમેટિક લોન છે

એમએસએમઈમાં ઈક્વિટી ઈન્ફ્યૂઝન માટે ફંડ ઑફ ફંડ્સ અને રાહત દરના ઋણ મારફત ખેડૂતોને અતિરિક્ત સહાયતા

ફેરિયાઓ માટે ઋણ (ક્રેડિટ) સુવિધા (પીએમ સ્વનિધિ)

# આત્મનિર્ભર ભારતઃ વિપદાને અવસરમાં બદલવી





**57,600** વેન્ટીલેટરનું નિર્માણ માત્ર ત્રણ મહિનામાં કર્યું, જ્યારે કોવિડ પહેલા ઘરેલુ સ્તરે લગભગ કોઈ વેન્ટીલેટર નહોતા બનતા

**4** 4 ગણી વૃદ્ધિ સેનિટાઈઝર ઉત્પાદનમાં, 200 ડિસ્ટિલરી અને 1,000 નિર્માતાઓ દ્વારા

**5** 5 લાખ પ્રતિ દિવસનીપીપીઈ ઉત્પાદન ક્ષમતા



# વસુધૈવ કુટુંબકમઃ માનવતાની સેવા




માનવતાના ધોરણે **120 દેશોને** દવાની બાબતમાં છૂટ આપવામાં આવી

**'મેક ઈન ઈન્ડિયા'**ને પ્રોત્સાહન આપવા પીપીઈ મેડિકલ કવરઑલ, સર્જિકલ માસ્ક, મેડિકલ ગોગલ્સ અને સેનિટાઈઝરની નિકાસને મંજૂરી આપી

MAKE IN INDIA






# લોકલ થી ગ્લોબલ તરફ



**ભારતને વિશ્વ અગ્રણી બનાવવા 24 લક્ષિત ઉપ-ક્ષેત્રો**

વિશેષજ્ઞો અને ઉદ્યોગ હિતધારકો સાથે સલાહસૂચન દ્વારા ઓળખવામાં આવ્યાં

ઘરેલૂ ક્ષમતાઓ વિકસાવવી

સુગમતા અને નીતિગત સમાધાનોના માધ્યમથી વૈશ્વિક નિકાસમાં હિસ્સેદારી વધારવી અને રોજગાર નિર્માણ કરવા

**$526 બિલિયન** 2019–20માં કુલ નિકાસ (સેવા અને વસ્તુઓ), અડધો ટ્રિલિયનથી વધુ

**$3.6 બિલિયન** મૂલ્યના મસાલાની નિકાસ 2019–20માં અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તર પર

**100** આદિવાસી ઉત્પાદનોને પ્રોત્સાહન માટે ઓળખવામાં આવ્યાં

**500 જિલ્લાઓ** માટે નિકાસ ક્ષમતા ધરાવતા અનોખા ઉત્પાદનોની ઓળખ કરવામાં આવી

# ઘરેલૂ ઉદ્યોગ માટે સમાન અવસર ક્ષેત્ર



- **સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન** (SEZ) કાયદો અને નિયમોમાં સુધારાઓ કરવામાં આવ્યાં
- આશરે ડૉલર **47 બિલિયનનું** આયાત મૂલ્ય ધરાવતા ફોકસ પ્રોડક્ટ્સ પર **ટેકનિકલ રેગ્યુલેશન્સ (TRs)** – જેથી નબળી ગુણવત્તા ધરાવતા અને હાનિકારક ઉત્પાદનો બજારમાં પ્રવેશ ન કરે એ સુનિશ્ચિત કરી શકાય
- **173** વસ્તુઓ પર કસ્ટમ્સ ડ્યુટી વધારવામાં આવી. **44** વસ્તુઓની આયાત પ્રતિબંધિત/સીમિત કરવામાં આવી
- **ત્વરિત રાહત પ્રદાન કરવા કાર્યદક્ષતા અને કાર્યક્ષમતામાં સુધારોઃ** એન્ટી ડમ્પિંગ તપાસ આરંભ કરવા સરેરાશ સમય ઘટાડીને 33 દિવસ કરવામાં આવ્યો
- અરજી દાખલ કરવામાં ઘરેલૂ ઉદ્યોગ, ખાસ કરીને **એમએસએમઈની** સહાયતા માટે હેલ્પડેસ્ક



# ઉત્તરપૂર્વીય અને હિમાલયન રાજ્યોમાં ઉદ્યોગોને આધાર.



- બજેટ સહાયતા યોજના અંતર્ગત 2019–20 માં જમ્મુ–કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને સિક્કિમ સહિત ઉત્તરપૂર્વીય રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થિત **ઔદ્યોગિક એકમોને ₹2,130 કરોડ ફાળવવામાં આવ્યાં**
- હિમાલયન રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે **વિશેષ પૅકેજ યોજના અંતર્ગત ₹578 કરોડ** ફાળવવામાં આવ્યાં
- કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર તેમ જ લદાખ માટે **નવી ઔદ્યોગિક વિકાસ યોજના (આઈડીએસ)ને** તારીખ 31 માર્ચ, 2021 સુધી વધારવામાં આવી



# ભારતને મળ્યું વૈશ્વિક ઉત્પાદન નકશા પર સ્થાન

**દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ (ડીએમઆઈસી) અંતર્ગત, ટ્રંક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્ય 4 ઔદ્યોગિક ક્ષેત્રોમાં પૂર્ણ થવા પર છે,** ધોલેરા ઔદ્યોગિક સિટી, ગુજરાત; શેંદ્રા–બિડકિન ઔદ્યોગિક ક્ષેત્ર, મહારાષ્ટ્ર; ઈન્ટીગ્રેટેડ ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશિપ, ગ્રેટર નોઈડા, ઉત્તર પ્રદેશ; આઈઆઈટી વિક્રમ ઉદ્યોગપુરી, મધ્ય પ્રદેશ

**લૉજિસ્ટિક્સ ડેટા બૅન્ક પ્રોજેક્ટ** બધાં જ અગ્રણી કંટેનર હેન્ડલિંગ પોર્ટ પર સફળતાપૂર્વક અમલી કરવામાં આવ્યો

રોકાણકારોનેમેન્યુફેક્ચરિંગ અને અન્ય ઉદ્યોગો સ્થાપવા આકર્ષિત કરવા માટે જીઆઈએસ યુક્ત **લૅન્ડ બૅન્ક** પોર્ટલની શરૂઆત







માનનીય વડાપ્રધાને **શેંદ્રા ઔદ્યોગિક ક્ષેત્ર** રાષ્ટ્રને સમર્પિત કર્યું 7 સપ્ટેંબર, 2019 ના રોજ

# વ્યાપારિક વાટાઘાટોમાં ભારત અગ્રણી






**ભારતે ક્ષેત્રીય વ્યાપક આર્થિક ભાગીદારી (આરસીઈપી)** માં સફળતાપૂર્વક પોતાનો પક્ષ રાખ્યો

**ભારત-અમેરિકા** વ્યાપાર ચર્ચા માં સારી પ્રગતિ

આપણી નિકાસને સુવિધાજનક બનાવવા ભારતીય નિકાસ પર લાગુ વિભિન્ન **નૉન-ટેરિફ અવરોધ** બાબતે નિયમિત હસ્તક્ષેપ

ભારતે એફટીએની સમીક્ષા માટેઅભ્યાસ શરૂ કરવા આસિયાનમાં પહેલા જ કરાર કરી લીધો છે – આ ભારતીય નિકાસ અને મેક–ઈન–ઈન્ડિયાને પ્રોત્સાહિત કરવામાં સહાયક બનશે

# એફડીઆઈ ઈનફ્લોમાં વધારો.




**FDI માં**
લગભગ 20% વૃદ્ધિ.

કોવિડ–19 છતા, એફડીઆઈ રોકાણોમાં 2020–21માં 11% વૃદ્ધિ જોવા મળી, જે એપ્રિલ થી સપ્ટેંબર 2020 દરમિયાન **ડૉલર 38.9 બિલિયન** હતી જે ગયા વર્ષે આ જ મુદત માટે ડૉલર 36.1 બિલિયન હતી

કોલસાનું ઉત્ખનન અને કૉન્ટ્રાક્ટ મૅન્યુફેક્ચરિંગમાં **100%** એફડીઆઈને મંજૂરી

**સિંગલ બ્રાન્ડ રિટેલ ટ્રેડિંગ (એસબીઆરટી)** માં લવચિકતા અને સરળ કાર્યસંચાલન

અવસરવાદી ટેકઑવર્સ / અધિગ્રહણથી ભારતીય કંપનીયોની સુરક્ષા માટે **એફડીઆઈ નીતિમાં** સુધારો કરવામાં આવ્યો






# ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન

**વિશ્વ બૅન્કના ડુઈંગ બિઝનેસ 2020 રિપૉર્ટમાં ટોચના 10 સુધારકોમાં**

ભારતે 10 માંથી **7 સંકેતકોમાં પોતાના ક્રમમાં** સુધાર કર્યો છે

ભારત સતત ત્રીજી વાર ટોચના 10 સુધારકર્તાઓ માંથી એક છે અને છેલ્લા 3 વર્ષમાં **67 સ્થાનનો** સુધાર કર્યો




વર્ષ 2019 માટે બિઝનેસ રીફોર્મ એક્શન પ્લાનના અમલ આધારે રાજ્યોના રેકિંગની ઘોષણા કરવામાં આવી

આ દરેક રાજ્યમાં રોકાણ આકર્ષવા, સ્વસ્થ પ્રતિસ્પર્ધા અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને વધારવામાં સહાયક બનશે

**પેટ્રોલીયમ અને વિસ્ફોટક સુરક્ષા સંગઠન (પેસો)** ના માધ્યમથી પેપરલેસ લાઈસન્સિંગ પ્રક્રિયા

ત્રીજા પક્ષકારનું નિરીક્ષણ સરકારી નિરીક્ષણોને અનુરૂપ

ઈન્વેસ્ટમેંટ **ક્લીયરન્સ સેલની** સ્થાપનાની દિશામાં કાર્યરત

વ્યવસાય સંચાલન શરૂ કરવા માટે જરૂરી બધી જ કેન્દ્રીય અને રાજ્ય મંજૂરી મેળવવા માટે વન–સ્ટૉપ ડિજિટલ પ્લેટફોર્મ

930 ફોર્મ્સ (પત્રકો) અને ક્લીઅરન્સીસ (મંજૂરી)ની ઓળખ કરવામાં આવી

# સરકારી ખરીદીમાં મેક–ઈન–ઈન્ડિયાને પ્રોત્સાહન





**₹200 કરોડથી** ઓછી ખરીદી માટે ગ્લોબલ ટેન્ડરની કોઈ પૂછપરછ નહીં

**50%થી** વધુની સ્થાનિય સામગ્રી સાથે સ્થાનિય આપૂર્તિકર્તાઓને પ્રાથમિકતા

ભેદભાવપૂર્ણ અને પ્રતિબંધાત્મક સ્થિતિઓને લીધે **₹.40,000 કરોડ** મૂલ્યના ટેન્ડરો રદ કરવામાં/સુધારવામાં આવ્યાં







# જીઈએમ સાથે પ્રોક્યોરમેંટને નવું રૂપ

**જીઈએમ (ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ)** - નાના વેપારો અને એમએસએમઈ માટે વરદાન

એક **પારદર્શક, કુશળ અને ઝડપી** પબ્લિક પ્રોક્યોરમેંટ પ્રણાલી

**ઈ-કૉમર્સમાં** સમાન તક




Note: Status of GeM portal as on 16 Dec 2019 and 16 Dec 2020

# ઈનોવેટ ઈન ઈન્ડિયા




2018–19 ની તુલનાએ 2019–20 દરમિયાન પેટંટ આપવામાં **63%વધારો**

**નાના વેપારો/એમએસએમઈ** માટે પેટંટ અરજી પ્રક્રિયા શુલ્ક ઘટાડવામાં આવ્યું

પેટંટ અરજીની તપાસની સમયસીમા મે 2019માં **36-52 મહિનાથી** ઘટાડીને ડિસેમ્બર 2020માં 10–26 મહિના કરવામાં આવી

ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારત 2015માં 81મા સ્થાન પરથી છલાંગ મારીને 2020માં **48મા સ્થાને** પહોંચી ગયું

**26 નવા ભારતીય ભૌગોલિક સંકેત** (જીઆઈ) જીઆઈ રજિસ્ટ્રીમાં નોંધણીકૃત કરાયા (1લી મે, 2019 થી 24 ડિસે., 2020 સુધીમાં)



# સ્ટાર્ટઅપ ઈન્ડિયાને આપી નવી પાંખો

**37,000થી વધુ સ્ટાર્ટ-અપ્સને** માન્યતા આપવામાં આવી. મે 2019થી 50% થી વધુને માન્યતા આપવામાં આવી

રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ સલાહકાર પરિષદની રચના એક મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભી કરવા માટે

**સૌ પ્રથમ નૅશનલ સ્ટાર્ટઅપ એવૉર્ડ્સ - 35 શ્રેણીઓમાં 1,641 સ્ટાર્ટઅપે ભાગ લીધો**

4,905 પેટંટ અરજીઓને 80% રીબેટ અને 12,264 ટ્રેડમાર્ક અરજીઓને 50% રીબેટ ફાઈલિંગ ફી પર




સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સુધારવા માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને અપાયેલ પ્રોત્સાહન આધારે રાજ્યોના રેટિંગનું બીજું સંસ્કરણ આયોજિત કરવામાં આવ્યું

**સ્ટાર્ટઅપને વિકસિત કરવાની સુવિધા માટે 39 નિયામક સુધારાઓકરવામાં આવ્યાં**

આવકવેરાની કલમ 54 જીબી હેઠળ મૂડીગત લાભ પર કરમાં છૂટની જોગવાઈ

કલમ 80 આઈએસી હેઠળ 3 વર્ષની આવકવેરા અવકાશ અવધિ અને આવકવેરા કાયદાની કલમ 79 અનુસાર યોગ્ય ખોટ આગળ લઈ જવાની (કૅરી ફોરવર્ડ) સુવિધા

પાત્ર સ્ટાર્ટઅપ્સ માટે ટર્નઑવર માપદંડ વધારીને ₹100 કરોડ કરાયું

**ઑગસ્ટ 2020 સુધી 296 સ્ટાર્ટઅપને આવકવેરા કાયદા હેઠળ છૂટ આપવામાં આવી હતી.**

# ઈ–ગવર્નન્સ સાથે સુગમ વ્યાપાર



બધી **નિકાસ પ્રોત્સાહન યોજનાઓ** એટલે કે એડવાન્સ, ઈપીસીજી, એમઈઆઈએસ ઑનલાઈન કાર્યરત કરવામાં આવી

સ્ટીલ ઈમ્પોર્ટ મૉનિટરિંગ સિસ્ટમ (એસઆઈએમએસ) માટે **ઑનલાઈન ઈન્ટર-મિનિસ્ટરીયલ કન્સલટેશન** મૉડ્યુલનો અમલ

ડિજિટલ સર્ટિફિકેટ ઑફ ઑરિજિન (ઈસીઓઓ) જારી કરવા માટે **ઈલેક્ટ્રૉનિક પ્લેટફોર્મ (ઈસીઓઓ)** શરૂ કરવામાં આવ્યું. **2 લાખથી વધુ સીઓઓ** જારી કરાયા.

ઍલ્યુમિનિયમ, કોપર, ફુટવૅર, ફર્નિચર, પેપર, રમત–ગમતના સાધનો, જીમના ઉપકરણો ઈત્યાદિ માટે આયાત નિરીક્ષણ પ્રણાલી (આઈએમએસ) વિકસાવવામાં આવી રહી છે.



# ડિઝાઈન ઈન ઈન્ડિયા માટે અપ–સ્કિલિંગ

**નૅશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન (અમેન્ડમેંટ) બિલ,** 2019 સંસદ દ્વારા પારિત કરવામાં આવ્યું.

આન્ધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, આસામ અને હરિયાણામાં **4 નવા રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થાન (એનઆઈડી)** ને ‘રાષ્ટ્રીય મહત્વના સંસ્થાન’નું બિરુદ આપવામાં આવ્યું.

ડિઝાઈન સંબંધિત ક્ષેત્રોમાં શિક્ષા અને પ્રશિક્ષણમાં **ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન.**

